# કાચબો અને સસલો



શહેરમાં ગામને પાદરે બસ આવે છે. અડધો કલાક ઊભી રહે છે. બસ ઊભી હોય ત્યારે શહેર જનારા એક પછી એક પાદરે આવે છે. કોઇ લાકડીને ટેકે ટેકે ચાલીને આવે છે. કોઇ માથે પોટલું લઇ આવે છે. છૈયાંછોકરાં સાથે આવે છે. આ બધા બસમાં ગોઠવાય છે. સમય થતાં ડ્રાઇવર બે ચાર વાર ભોં... ભોં... પું... પું... એવું ભૂંગળું વગાડે છે. કંડકટર બસના દરવાજે ઊભો રહી ગામ ભણી નજર નાખી ટિંગ... ટિંગ... ટોકરી વગાડે છે. બસ ઊપડે છે. તેવામાં બેત્રણ જણ બસ ઊભી રાખવા બૂમ પાડતા , હાથ બતાવતા, દોડતા દોડતા બસ પકડવા આવે છે. પણ તેઓ મોડા પડ્યા છે. બસ ઊપડી જાય છે.

આવું જ મોટાં સ્ટેશનો પર પણ જોવા મળે છે. સમય થતાં ગાડી પ્લેટફોર્મ પર ગોઠવાય છે. એક પછી એક મુસાફર આવે છે. ગાડીમાં જગા જોઇ શોધી ગોઠવાતા જાય છે. કેટલાક લોકો જગા શોધવા આખી ગાડી ફરી આવે છે. જગા દેખાય તે ડબામાં ડોકિયું કરી અંદર જાય છે. જગા લે છે. સમય થતાં ડંકા વાગે છે. ગાર્ડ સિસોટી વગાડે છે. ગાડીનું ભૂંગળું વાગે છે... ભોં.. ઓં... ઓં... ને ગાડી ધીમી ગતિએ ઊપડે છે. અને તે સમયે પણ લગભગ દરેક ગાડીમાં કેટલાક દોડીને ગાડી પકડે છે. કેટલાક ગાડી ઊપડી ગઇ તે જોતા રહી જાય છે. મોડા પડ્યા પર અફસોસ કરે છે. બીજી ગાડીની રાહ જોતા ઊભા રહે છે.

ઇસપના જમાનામાં બસ નહોતી. આગગાડી પણ નહોતી. પણ માણસો તો આજે છે તેવા જ હતા. કેટલાક ધીમે ધીમે પણ ચોક્કસ સમય મુજબ ચાલનારા. સમયસર કામ કરનારા. કેટલાક આળસુ , ઊંઘરેટ, દોડાદોડી કરનારા, પાછા પડનારા. ઇસપે આવા લોકોને જોઇ વારતા લખી છે. ‘ કાચબો ને

સસલો.'

કાચબો ને સસલો બંને દોસ્તદાર. કાચબો ધીમે ધીમે ચાલે. સસલો કૂદાકૂદ કરે, છલાંગ મારીને ચાલે. કાચબાનું કામ ઘડિયાળના કાંટા જેવું. સસલાનું પવન જેવું. ક્યારેક જોરથી વાય, ક્યારેક પડી જાય. એક દિવસ કાચબો તેની ડગુમગુ ચાલે ચાલ્યો જતો હતો. હવા ખુશનુમા હતી. કાચબો તેની ધીમી ચાલે ચાલ્યો જતો હતો. તે વખતે સસલો તેની બોડની બહાર બેસી મઝેદાર હવા ખાતો બેઠો હતો. તેણે ડગુમગુ ચાલતા કાચબાને જોયો. તેને કાચબાની મશ્કરી કરવાનું મન થયું. તેણે કાચબાને કહ્યું, " ઓહો, કાચબાભાઇ, કેમ છો ? ક્યારના નીકળ્યા ? સવારના કે થોડા મોડા ?"

"સસલાભાઈ, નીકળ્યો છું તો હમણાં જ. હવા સરસ છે , તો થયું ચાલ તળાવે ફરી આવું. ભાઇબંધો મળશે. મજા આવશે. "

સસલો કહે," પણ કાચબાભાઈ, તમે તળાવે ક્યારે પહોંચશો ? આમ ડગુમગુ કરતાં કરતાં તળાવે પહોંચશો ત્યાં સુધીમાં ભાઈબંધો તો ભાગી જશે ! "

કાચબો મજાક સમજી ગયો. મનમાં હસ્યો. પછી કહ્યું , "સસલાભાઈ, ચાલવાની ઝડપમાં તમને કોણ પહોંચે ? પણ ભગવાને જેવા ઘડ્યા તેવા રહેવાના. તમે કૂદકા મારો. હું ડગુમગુ ચાલુ. તમે તો ઊંઘ પણ સારી કાઢો. મારે તો તેય ઓછી ! "

સસલો કાચબાની વાત સાંભળી હસ્યો ને ફુલાયોય ખરો. કાચબાએ તે જોઇ કહ્યું , " તમારી ચાલનો ગરવ ન કરશો. મારી સાથે શરતમાં ઊતરો તો કદાચ હારી પણ જાઓ. સમજ્યા ?"

સસલો કહે,"તમારી ચાલની જેમ તમારી હિંમતેય જબરી છે. મારી જોડે , ને તેય દોડવાની શરત ! આવી જાઓ. ક્યારે દોડવું છે. "

કાચબો કહે ,"ધરમના કામમાં ઢીલ નહીં. આવો મેદાનમાં. અબ ઘડી ફેંસલો. "

બંને મેદાનમાં આવી ગયા. આ વનથી બે ગાઉ છેટે તળાવ કાંઠે મંદિર છે. જે પહેલો મંદિરે પહોંચે એ જીતે એમ નક્કી થયું. બંનેએ એક, બે, ત્રણ કરી શરત માટેની દોટ માંડી. સસલો તો ઠેકડા મારતો મારતો આગળ નીકળી ગયો. કાચબાએ બધી તાકાત વાપરી ડગુમગુ ચાલ ઝડપી બનાવી. સસલો દેખાતો નહોતો, તોય તેણે હિંમત ન હારતાં ચાલવાનું ચાલું રાખ્યું. એકધારી ચાલે તેણે દોઢેક ગાઉ કાપી નાખ્યો. હવે તળાવ ઢૂંકડે હતું. મંદિરની ધજા દેખાઈ.

એવામાં રસ્તાની બાજુની ઝાડીમાં કંઇ સળવળાટ થયો. કાચબે જોયું તો સસલાભાઈ ઊંઘતા હતા. પડખું ફેરવતા હતા. તેમણે દોટ તો સારી કાઢી હતી. પણ રસ્તે ઝાડી આવતાં આરામ કરવા રોકાયા હતા. ઠેકડા મારી થાકેલા ને ઊંઘ આવી ગયેલી.

કાચબો મનોમન હસ્યો. તેણે માનેલું તેવું જ થયું. તેને ઊંઘતો મૂકી કાચબો ડગુમગુ ચાલે તળાવે પહોંચી ગયો. મંદિરને ઓટલે ચઢી તેણે સસલાની રાહ જોવા માંડી. પેલી તરફ સસલાભાઈ ઊંઘીને

ઊઠ્યા. કાન ફફડાવ્યા. શરત યાદ આવી. રસ્તે જોયું કે કાચબો દેખાય છે. ક્યાંથી દેખાય ? મનમાં થયું,“બાપડો હજુ ક્યાંય પાછળ હશે! ” તેણે ઠેકડા મારી તળાવનો રસ્તો લીધો. તળાવે જઇ કૂદકો મારી મંદિરને ઓટલે જોયું. કાચબો હસતો હસતો બેઠો હતો. ભગવાનનું ભજન કરતો હતો. સસલાનું મોં પડી ગયું. તેને થયું ,“આ કાચબો મારાથીય પહેલો પહોંચી ગયો! ” કાચબો તેના મનના ભાવ સમજી ગયો. ”સસલાભાઈ, મદ સારો નહીં. ઊંઘ સારી નહીં. તમારી દોડવાની ઝડપ ક્યાં ને મારી ડગુમગુ ચાલ ક્યાં ! અને તોય તમે શરત હારી ગયા ! ” બસ ઊપડતી હોય ત્યારે તે પકડવા દોડતા મુસાફરોને યાદ કરો. ગાડી ઊપડતી હોય ત્યારે તેને પકડવા દોડતા ને લટકી જતા મુસાફરોને યાદ કરો. આખું વરસ ન વાંચનાર ને પરીક્ષા ટાણે ઉજાગરા કરનાર ભણનારને યાદ કરો. એ બધા સસલા જેવા છે. સમયસર પાદરે પહોંચી બસમાં ગોઠવાનાર, સમયસર સ્ટેશને પહોંચી ગાડીમાં બેસનાર, રોજ નિયમિત વાંચી પરીક્ષામાં પહેલે નંબરે પાસ થનાર એ સહુ કાચબા જેવા છે.

- જિતેન્દ્ર દેસાઈ